### ટોક ઓફ ધ ટાઉન બન્યો બનાવ

# અરવલ્લીની ગ્રામ્ય સરકારી પ્રા.શાળામાં ૩ શિક્ષકો બાખડ્યા, ગુરૂજનોના મુખેથી નિકળી બિભત્સ ગાળો

### મહિલા કર્મચારીનો હાથ ખેંચ્યો..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળામાં ૩ શિક્ષકો બાખડતાં ગામમાં તહલકો મચી ગયો છે. ટોક ઓફ ધ ટાઉન બનેલા આ બનાવમાં કહેવાતી મંજૂરીનો મામલો હોવાની ચર્ચા છે પરંતુ આ મામલામાં ગુરૂજનોના મુખેથી નિકળેલી બિભત્સ ગાળોએ વાલીઓને અચંબિત કર્યા છે. ઉગ્રતામાં શિષ્ટાચાર ભૂલેલા શિક્ષક ગુરૂએ મહિલા કર્મચારીનો હાથ ખેંચ્યાની પણ લોકચર્ચા છેડાઈ છે.

કોઈપણ પ્રા. શિક્ષકના સારા અને ખરાબ વર્તાવની સમાજ અને ગામડામાં નોંધ લેવાય છે.

અરવલ્લી જિલ્લાના દક્ષિણ વિસ્તારની એક ગ્રામ્ય શાળા તેની સારી કામગીરીના કારણે શિક્ષણજગતમાં સન્માનનિય સ્થાન મેળવેલું છે પરંતુ કહેવાય છે કે જ્યાં બધું સારૂ દેખાતું હોય તે વાસ્તવમાં હોતું નથી. વાત જાણે એમ બની કે હુંસાતૂંસીમાં એક મંજૂરી નામનો પ્રશ્ન ઉભો થયો. એક શિક્ષકે બીજા શિક્ષક માટે આ પ્રશ્નને પોતાની પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી દીધો. ત્યારબાદ વાત એટલી હદે વણસી કે એસ.એમ.સી. કમીટી સુધી મુદ્દાને ઉલાળવાનો પ્રયાસ થયો અને ત્યારબાદ થયેલી ગરમા ગરમીમાં ભરચોમાસે શાળા સંકુલમાં ગાળોનો વરસાદ વરસવા લાગ્યો. અત્યાર સુધી સંપીને કામગીરી કરતા પ્રા.શિક્ષકો એકબીજાની જીભ ઉખાડી દે તે રીતે આક્રોશ વ્યક્ત કરી ગાળાગાળી કરતાં ગામના લોકો તો ઠીક પરંતુ મૂંગા પશુઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા.

**અધિકારીઓને પોતાના બાપની પેઢી કોણ સમજે છે..??**

બાયડ : છેલ્લા કેટલાક સમયથી અરવલ્લી જિલ્લામાં કેટલાક લોકો અધિકારીઓને પોતાના બાપની પેઢી સમજી બેઠા છે અને અન્ય લોકોને નીચાજોવાપણું કરી દબડાવી રહ્યા છે. અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિએ પણ જો આવી રીતે કોઈને દબડાવાતા હોય તો અધિકારીઓની છબીને છાંટા ઉડે તે પહેલાં યોગ્ય વિગતો મેળવવી જોઈએ. પરંતુ કહેવાય છે કે કેટલાક મહાશયો અધિકારીઓને જિલ્લામાં પોતાના બાપની પેઢી સમજી બેઠા છે.

### ગુસ્સો આવો પણ હોય છે

# પ્રાંતિજ ખાતે હોન્ડાના શોરૂમ આગળ જ એકટીવા માલિકે એકટીવા સળગાવી દીધી

**વારંવાર રજુઆત બાદ પણ હોન્ડાના શોરૂમ દ્વારા કમ્પલેન સોલના કરતા છેવટે કટારીને એકટીવા સળગાવી દીધી : હોન્ડાના શોરૂમ આગળ જ પેટ્રોલ છાંટી એકટીવા સળગાવી દીધી : પ્રાંતિજ ફાયરને જાણ થતા ઘટના સ્થળે દોડી આવી આગ હોલવી પણ એક્ટીવા સળગીને આગમાં ભથ્થુ થઈ ગઈ : સાડા ત્રણ મહિના પહેલા જ હોન્ડાના શોરૂમ ઉપરથી એક્ટીવા લીધી હતી**

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે હોન્ડાના શોરૂમ આગળ જ એકટીવા માલિકે પોતાની એકટીવા સળગાવી દીધી.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ હોન્ડાના શોરૂમ આગળ જ એકટીવા માલિક વિજયભાઈ કાન્તીભાઈ ભોઈ દ્વારા પોતાની એક્ટીવાને પેટ્રોલ છાંટી ને સળગાવી દીધી હતી વિજયભાઈ દ્વારા સાડા ત્રણ મહિના પહેલા પ્રાંતિજ હોન્ડા ના શોરૂમ ઉપર થી એકટીવા છોડાવી હતી તો એકટીવામાં કમ્પલેન આવતા તેવો અવરનવર શોરૂમ જતા હતા પણ હોન્ડા ના



શોરૂમ માલિક દ્વારા કમ્પલેન સોલના થતા તેવો કમ્પલેનને કટારી જતા અને આજે પણ તેવો હોન્ડા શો રૂમ ઉપર આવ્યા હતા અને આજે પણ કમ્પલેન સોલ ના થતા તેવો ગુસ્સે થઈ ને પોતાની એક્ટીવા ને હોન્ડા ના શોરૂમ આગળ જ ઉભી કરી પેટ્રોલ લાવી એકટીવા ઉપર પેટ્રોલ છાંટી ને જાતેજ એકટીવા સળગાવી દીધી હતી તો એકટીવા સળગતા આજુબાજુમાંથી તથા એપ્રોચરોડ ઉપર અવરજવર કરતા લોકો દોડી આવ્યા હતા તો પ્રાંતિજ ફાયર બ્રિગેડને જાણ કરતા પ્રાંતિજ ફાયર બ્રિગેડ પણ ધટના સ્થળે દોડી આવી હતી અને એકટીવા મા લાગેલ આગ હોલવી હતી પણ આગે જોતજોતામા ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા આગમા એકટીવા બળી ને ભથ્થુ થઈ ગઈ હતી.

# પાલનપુરના વડલીવાળા પરાના બિસ્માર રોડથી લોકો ત્રાહિમામ

**વારંવારની રજૂઆતો પાલિકાના બહેરા કાને અથડાઈને પરત ફરતા લોકોમાં ભારે આક્રોશ: વોર્ડ નં.૩ પ્રત્યે ઓરમાયું વર્તન દાખવાતું હોવાની રાવ:ચૂંટણી બહિષ્કારની ચીમકી**

પાલનપુર, તા. ૨૮

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ના રાજમાં વિકાસના કામોમાં ભારે ગેરરીતિ આચરાતી હોવાની બુમરાણ મચી છે. ત્યારે શહેરમાં ગલી એ ગલી એ રોડ બનાવનાર પાલિકા દ્વારા વોર્ડ નં.૩ પ્રત્યે ઓરમાયું વર્તન દાખવાઈ રહ્યું છે. યાત્રાધામ અંબાજી તરફ



જતા માલણ દરવાજાથી વડલીવાળા પરા થઈ બ્રિજેશ્વર કોલોની સુધીના બિસ્માર રોડથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. છેલ્લા ૫ વર્ષથી રોડ ન બનતા હવે લોકો આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી રહ્યા છે.

રાજ્ય સરકારની કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપવા છતાં પાલનપુર નગરપાલિકાના રાજમાં વિકાસની પોલ ખુલી રહી છે. પાલનપુર નગરપાલિકા પ્રાથમિક સુવિધાઓ આપવામાં પણ નિષ્ફળ રહી છે. શહેર ના રોડ રસ્તા માટે કરોડો રૂપિયાનું આંધણ કરવા છતાં આજે શહેરમાં એક પણ રોડ સારો કહી શકાય તેવી સ્થિતિમાં નથી. શહેરમાં ઠેરઠેર બિસ્માર રોડ જોવા મળી રહ્યા છે. ત્યારે શહેરના માલણ દરવાજાથી બ્રિજેશ્વર કોલોનીને જોડતો રોડ વર્ષોથી બિસ્માર હાલતમાં છે. ચૂંટણી ટાણે ઠાલા વચનો આપનાર નગરસેવકો હજી સુધી આ વિસ્તારના રહીશોને એક નવીન રોડને પણ ભેટ આપી શક્યા નથી. ત્યારે બિસ્માર રોડને લઈને સ્થાનિક રહીશોએ ભારે રોષ ઠાલવ્યો હતો.

સ્થાનિક રહીશો રોડ બનાવવા માટે નગરસેવકોથી લઈ પાલિકા પ્રમુખ અને જિલ્લા કલેકટર સુધી રજુઆત કરી કરીને થાક્યા છે. પણ પાંચ વર્ષ વીતવા છતાં સારો રોડ બન્યો નથી. જેને કારણે હારી થાકીને સ્થાનિક રહીશોએ ૫ મી ઓગસ્ટ સુધી નિરાકરણ નહિ આવે તો આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી છે.

બિસ્માર રોડને પગલે અહીંથી પસાર થતા હજારો વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. બિસ્માર રોડને પગલે નાના મોટા અકસ્માત થતા રહે છે. છતાં પાલિકાના પેટનું પાણી એ હલતું નથી. ત્યારે સ્થાનિક લોકોએ આગામી વિધાનસભાની ચૂંટણી બહિષ્કાર કરવાનું પણ એલાન કર્યું છે. તો હવે જોવાનું એ રહે છે કે, લોકોની ચીમકીની અસર પાલિકાના સત્તાધીશો પર થશે કે પછી લોકોને આંદોલન કરવા મજબૂર થવું પડશે તેતો આવનારો સમય જ બતાવશે.

# અરવલ્લી જીલ્લા આચાર્ય સંઘના પ્રમુખ, ઉપપ્રમુખ સહિત હોદ્દેદારોની બિનહરીફ વરણી

ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા આચાર્ય સંઘની ચુંટણી એ.પી.ઠાકર વિદ્યાલય,શામળાજીમાં ચુંટણી અધિકારી સુર્યકાંતભાઈ પટેલ, ખેરાડી હાઈસ્કુલ અને મદદનીશ ચુંટણી અધિકારી અનિલભાઈ ભટ્ટ, વાંકાનેર હાઈસ્કુલની ઉપસ્થિતીમાં હોદ્દેદારોની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાઈ હતી.

અરવલ્લી જીલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા આચાર્ય સંઘના પ્રમુખ નરેશભાઈ ડી.પટેલ, આચાર્ય બી.જે.તન્ના હાઈસ્કુલ, ખુમાપુર-ચિબોડા,ભિલોડા, મહામંત્રી પી.જે.પટેલ પી.જી.મહેતા, માલપુર હાઈસ્કુલ, મંત્રી જે.ડી.પટેલ ફરેડી હાઈસ્કુલ, મોડાસા, ઉપપ્રમુખ (સંગઠન) પંકજભાઈ પટેલ સાઠંબા હાઈસ્કુલ, બાયડ, ઉપપ્રમુખ (કલ્યાણનિધિ) આર. એમ.પટેલ ખોડંબા હાઈસ્કુલ,ઉપપ્રમુખ (સારસ્વત) કમલેશભાઈ પંચાલ ઈસરી હાઈસ્કુલ, મંત્રી (સંગઠન) ગુણવંતસિંહ ચંપાવત વડાગામ હાઈસ્કુલ, મંત્રી (કલ્યાણનિધિ) અશોકભાઈ પટેલ નાના વાડા હાઈસ્કુલ,મંત્રી (સારસ્વત) અશ્વિનભાઈ પટેલ બોરોલ હાઈસ્કુલ, મીડીયા સેલ / પ્રવક્તા ભાવેશભાઈ પટેલ ડચકા બેલ્યો હાઈસ્કુલ, અન્વેષક કમલેશભાઈ પ્રજાપતિ મેઢાસણ હાઈસ્કુલ સહિત હોદ્દેદારોની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાતાં આનંદની લાગણી પ્રસરી છે.

### અરવલ્લીમાં કોરોનાને કારણે મૃત્યુ પામેલ તથા જેમની વાર્ષિક આવક મર્યાદા ૨.૦૦ લાખની હોય તેમના પરિવારને સહાય મળશે

ભિલોડા,તા.૨૮

રાજ્યમાં છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીના કારણે જે કલાકારોએ નૃત્ય, નાટ્ય, પપેટ્રી, લોકકલા, ચિત્રકલા, શિલ્પ, સ્થાપત્ય, ગ્રાફિક્સ જેવી એક કે વધુ કલાના ક્ષેત્રોમાં ઓછામાં ઓછું ૧૦ વર્ષનું કે તેથી વધુ યોગદાન આપેલ હોય અને કોરોનાને કારણે મૃત્યુ પામેલ હોય તેવા અરવલ્લી જિલ્લાના કલાકારો અને જેમની વાર્ષિક આવક મર્યાદા ૨.૦૦ લાખની હોય તેમના પરિવારને સહાય મળશે. જેમાં મૃત્યુ પામેલ કલાકારનું નામ, સરનામું, મોબાઈલ નંબર, ઉંમર મરણનો દાખલો, કલાકાર હોવાના આધાર-પુરાવા તથા આવકનો દાખલો જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, બ્લોક નં.એ.એસ.૧૪ બીજો માળ, જિલ્લા સેવા સદન, શામળાજી રોડ, મોડાસા. અરવલ્લી મો. નં. ૯૪૦૮૪૭૩૭૩૯ , ૯૪૨૯૧૭૮૫૪૬ ખાતે તા.૩૦/૦૭/૨૦૨૧ ના બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં મોકલી આપવા વિનંતી. એમ જિલ્લા રમતગમત અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

### પાલનપુર નગરપાલિકા દ્વારા ફાયર એનઓસી નહી મેળવનારા એકમો સીલ કરાશે

પાલનપુર, તા.૨૮

પાલનપુર નગરપાલિકા દ્વારા આર.સી. એમ કચેરી, ગાંધીનગર અને આર.એફ. ઓ કચેરી, ગાંધીનગર તરફથી મળેલ સુચનાઓ અન્વયે, હોસ્પિટલ,મેડીકલ ક્લિનિક માટે જરુરી એવા તમામ ડોક્યુમેંટ્સ અને સ્થળે લગાવેલ ફાયર ફાઈટીંગના સાધનો/સંસાધનોની ચકાસણી કરીને સરકાર દ્વારા નિમાયેલ કર્મચારીના સંકલન માં રહીને ગુજરાત ફાયર પ્રિવેંશન એંડ લાઈફ સેફટી મેઝર્સ એક્ટ ૨૦૧૩ મુજબ, ફાયર એન.ઓ. સી આપવાની કામગીરી અગ્રીમતાના ધોરણે ચાલુમાં છે.

# ગૌરવ : બાયડની છાત્રા એમ.ફાર્મમાં સમગ્ર યુનિ.માં ચોથા રેન્ક સાથે ઉત્તિર્ણ

### બાયડ-વડોદરા આંજણા પાટીદાર સમાજમાં ખુશાલી છવાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

બાયડના વતની (હાલ રહે.વડોદરા) અશોકભાઈ સોમાભાઈ એલ.પટેલ અને હંસાબેન પટેલની પુત્રી ઉન્નતિ પટેલે આણંદ ફાર્મસી કોલેજમાં એમ.ફાર્મમાં સમગ્ર ગુજરાત ટેકનોલોજીકલ યુનિ.માં ચોથા સ્થાને આવી આંજણા પાટીદાર સમાજનું ગૌરવ વધારતાં ખુશાલી છવાઈ છે.



આંજણા પાટીદાર સમાજના અનેક છાત્રોએ શિક્ષણક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ મેળવી સમાજ, પરિવાર અને ગામનાં ગૌરવ વધાર્યાં છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિ. દ્વારા એમ.ફાર્મની પરીક્ષા યોજાઈ જેમાં ઉન્નતિ અશોકભાઈ પટેલે ક્વોલીટી એસ્યોરન્સ (પી.ક્યુ.એ.) વિભાગમાં એસ.પી.આઈ. ૧૦, સી.પી.આઈ. ૯.૪૯ મેળવી ચોથા રેન્ક સાથે ઉત્તિર્ણ થઈ આણંદ ફાર્માસ્યુટીકલ કોલેજને ગૌરવ અપાવતાં સમાજના સર્વ આગેવાનો, માયાબેન રાજેન્દ્રભાઈ પટેલ (ગાંધીનગર), પદ્માબેન મહેશભાઈ પટેલ, જ્યોતિબેન પટેલ, રીટાબેન પટેલ તેમજ કોલેજ એચ.ઓ.ડી. અને સ્ટાફે વિરાટ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસને ફેલાતો અટકાવવા પ્રતિબંધક હુકમો જાહેર કરાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

હાલમાં ચાલતી કોરોનાની મહામારીને ફેલાતી અટકાવવા સારું તથા અરવલ્લી જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે તા. ૨૭ જુલાઈ ૨૦૨૧ના ૦૦-૦૦ કલાકથી તા. ૦૮ ઓગસ્ટ ૨૦૨૧ના ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ પ્રદીપસિંહ રાઠોડ અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિક મનાઈ હુકમો જાહેર કરાયા છે.

જેમાં શારીરીક ઈજા પહોચાડવા અંગે ઉપયોગમાં લઈ શકે તેવા શસ્રો જેવાકે દંડા, તલવાર, ભાલા,સોટા,બંદુક, ચપ્પું, લાકડી કે લાઠી કે તેવી બીજી કોઈ વસ્તુઓ લઈ જવા અંગે અથવા સાથે લઈને ફરવુ નહી, કોઈ જલદી સળગી ઉઠે તેવી વસ્તુઓ સ્ફોટક પદાર્થો લઈ જવા-ફરવા નહી,પથ્થરો કે બીજા હથીયારો ફેકવા કે નાંખવાના યંત્રો કે સાધનો લઈ જવા કે તૈયાર કરવા નહી, સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવી નહી, વ્યકિતઓ અથવા તેના તેના શબ, આકૃતિઓ કે આકાર અથવા પુતળા દેખાડવા નહી, લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા કે વાધ્ય વગાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવા નહી કે જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનુ તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો, ચિત્રો, નિશાનીઓ દેખાડવાનું અથવા ફેલાવો કરવવાનુ કે સાથે રાખીને ફરવુ નહી.

જિલ્લા મેજીસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, અથવા અધિકૃત કરેલા કોઈપણ અધિકારીઓ, શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી રાખતા વૃધ્ધ વ્યકિત તથા હથિયારના પરવાના ધારકો હથિયાર પ્રદર્શિત ન થાય તેમ ધારણ કરનાર, સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઈ જવાનુ ફરમાવ્યુ હોય અથવા આવુ કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનુ આવશ્યક હોય, કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનેરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ, ખેતીના કામે ઓજારો લઈ જતા ખેડૂતો, સરકારશ્રીના સરકારી કાર્યક્રમમાં અધિકૃત વ્યકિતઓ, કોઈ પણ અંતિમયાત્રાને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) હેઠળ તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# પાલનપુર કલેક્ટર કચેરીમાં એક શખ્સે જંતુનાશક દવા પીવાનો પ્રયાસ કરતાં ચકચાર

### પોલીસે સમયસર દોડી આવી શખ્સને એમ્બ્યુલન્સમાં સારવાર માટે ખસેડ્યો

પાલનપુર, તા. ૨૮

પાલનપુર કલેક્ટર કચેરી ખાતે એક શખ્સે પૈસાની લેતીદેતીના મુદ્દે કલેક્ટર કચેરીના પરીસરમાં જંતુનાશક દવા પીવાનો પ્રયાસ કરતા કચેરમાં ફરજ બજાવતા પોલીસ અને હોમગાર્ડ જવાનોએ દોડી આવી શખ્સને ઝડપી લઈ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.



જિલ્લામાં કેટલીક વખત સામાન્ય બાબતોમાં લોકો ઝેરી પ્રવાહી ગટગટાવાના બનાવો બનતા હોય છે. ત્યારે એક શખ્સ દ્વારા એક વ્યક્તિને રૂ.૧,૨૦,૦૦૦ આપેલા હતા. જે પરત આપતો ન હતો તેમજ મારી નાંખવાની ધમકી આપતો હતો. જેથી આ બાબતે ત્રણ વખત કલેકટર કચેરી ખાતે પીડિતે રજૂઆત કરી હતી.પરંતુ પ્રશ્નનો ઉકેલ ન આવતા મંગળવારે કલેક્ટરને મળવા આવેલા શખ્સે કલેક્ટર કોઈ કારણોસર હાજર ન હોવાથી પરીસરમાં જંતુનાસક દવા ગટગટાવાનો પ્રયાસ કર્યો હતો.

જેની જાણ કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા પોલીસ અને હોમગાર્ડ જવાનોને થતા દોડી આવ્યા હતા.અને એમ્બ્યુલંસ બોલાવી તાબડતોબ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવ્યો હતો. જેથી પોલીસની સર્તકતાથી મોટી ઘટના બનતા અટકી ગઈ હતી.

# જીલ્લામાં કોરોનાની મહામારીને ફેલાતી અટકાવવા અધિક નિવાસી કલેકટર દ્વારા પ્રતિબંધક હુકમો જાહેર કરાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

વર્તમાન સમયમાં ચાલી રહેલી કોરોનાની મહામારીને ફેલાતી અટકાવવા સારું તથા અરવલ્લી જીલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી વિના જાહેર સ્થળોએ વગર પરમીશને ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય તથા સુલેહ શાંતિનો ભંગ ન થાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારું જાહેર સ્થળે ચારથી વધુ ઈસમો એકત્રિત ન થાય.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લા, મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ (૩) જીલ્લા અધિક નિવાસી કલેકટર પ્રદીપસિંહ રાઠોડને મળેલ સત્તાની રૂએ અરવલ્લી જીલ્લાના સમગ્ર શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં તા. ૨૭ જુલાઈ ૨૦૨૧ ના કલાક ૦૦.૦૦ થી ૦૮ ઓગસ્ટ ૨૦૨૧ ના કલાક ૨૪.૦૦ સુધી સક્ષમ અધિકારીની મંજૂરી વિના જાહરે સ્થળોએ અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતા વધુ માણસો એકત્રિત થવા તથા કોઈ સભા ભરવી કે બોલાવવી નહિ અને કોઈપણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધિત હુકમો જાહેર કરાયા. જેમાં સરકારી નોકરીમાં/ફરજ ઉપર હાજર તેવી વ્યક્તિઓને, કોઈ લગ્નના વરઘોડાને, કોઈ સ્મશાન યાત્રાને આ નિયમ લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ને કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જીલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકારી ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ તથા ગુ.પો.અધી. કલમ-૧૩૫ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

### પાલનપુર માર્કેટયાર્ડના મતદાર યાદી વિવાદ મામલે

# ૧૪ મંડળીઓ સહિત ૧૪૧ વેપારીઓના લાઈસન્સ રદ કરતા જિલ્લા રજિસ્ટ્રાર

પાલનપુર, તા. ૨૮

પાલનપુર માર્કેટયાર્ડની ચૂંટણીને લઈને પ્રસિદ્ધ થયેલી પ્રથમ મતદાર યાદીમાં બોગસ મતદારો મામલે વેપારીઓ દ્વારા અચોક્કસ મુદતની હડતાળ પાડવામાં આવી હતી. જોકે, તપાસના અંતે જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા ૧૪ મંડળીઓ સહિત ૧૮૧ બોગસ વેપારીઓના લાઈસન્સ રદ કરવામાં આવ્યા છે. ત્યારે વેપારીઓ દ્વારા હડતાળ સમેટી લઈ આવતીકાલથી પુનઃ માર્કેટયાર્ડ ધમધમતું કરવાની જાહેરાત કરતા વિવાદનો અંત આવ્યો છે. આગામી ૧૮ સપ્ટેમ્બરે પાલનપુર માર્કેટયાર્ડની ચૂંટણી યોજાવાની છે. જેને લઈને મતદારયાદી પ્રસિદ્ધ થતાં મતદારયાદીમાં ૧૯૦ જેટલા બોગસ મતદારોના નામ ઘુસાડવાના આક્ષેપ સાથે પાલનપુર માર્કેટયાર્ડના વેપારીઓ એ અચોક્કસ મુદતની હળતાળનું શસ્ત્ર ઉગામ્યુ હતું. જેમાં મતદાર યાદીમાંથી આ બોગસ નામો કમી નહીં કરાય ત્યાં સુધી અચોક્કસ મુદતની હડતાળ જારી રાખવાનું એલાન કરતા મામલો ગરમાયો હતો.

જોકે, જિલ્લા રજીસ્ટ્રાર આર.પી. ખરાડીએ આ અંગે તપાસ સમિતિની રચના કરી હતી. દરમિયાન જિલ્લા રજીસ્ટરે મળેલ વાંધાઓને ધ્યાને લઈને ૧૪ મંડળીઓ અને પાલનપુર માર્કેટયાર્ડ ના ૧૮૧ વેપારીઓના ચૂંટણી લક્ષી લાયસન્સ રદ કર્યા હતા. ૧૮૧ વેપારીઓના બોગસ લાઈસન્સ રદ થતાં આવતીકાલથી પાલનપુર માર્કેટયાડ રાબેતા મુજબ શરૂ કરવાની જાહેરાત કરતા વેપારીઓએ જિલ્લા રજિસ્ટ્રારનો ન્યાયિક તપાસ કરી બોગસ મતદારો કમી કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.??

## જન્મદિને વધામણી



નટુભાઈ એચ. પટેલ
આકરૂન્દ, તા.ધનસુરા



મયુર પટેલ
અલવાકંપા, તા.બાયડ



ચિરાગ ઈશ્વરભાઈ પટેલ
બાયડગામ, જિ.અરવલ્લી



રમેશકુમાર ચૌહાણ
(શિક્ષક)
(સત્યમ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



કુણાલ વી. રામી
(ડિરેક્ટર : ધન્વંતરી આયુર્વેદીક કોલેજ-કોયડમ)
બાયડ, જિ.અરવલ્લી



ઘરમાં રહો, સુરક્ષિત રહો